આર્કટિક સર્કલ એસેમ્બલી માટે એમઓએસ (કેવીએસ) ની રેક્યાવિક મુલાકાત (08 - 10 ઑક્ટોબર, 2026)

વિદેશ રાજ્ય મંત્રી તથા પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી શ્રી કીર્તિ વર્ધન સિંહ, 'આર્કટિક સર્કલ એસેમ્બલી (એસીએ) 2026'ની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા માટે 8 થી 10 ઑક્ટોબર, 2026 દરમિયાન રેક્યાવિક, આઇસલેન્ડ ખાતે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

2. એસીએ 2026 દરમિયાન રાજ્યમંત્રી "મેલ્ટિંગ પોલ: ભારત અને સિંગાપુરના પરિપ્રેક્ષ્યો" ના પૂર્ણ સત્રમાં ભાગ લેશે. રાજ્યમંત્રી ભારત દ્વારા આયોજિત "આર્કટિક અને જલવાયુ પરિવર્તન: નિરીક્ષક દેશોના દ્રષ્ટિકોણ" ના સત્રમાં પ્રારંભિક ટિપ્પણીઓ પણ આપશે.

3. ભારતની આર્કટિક પૉલિસી 2022 વિજ્ઞાન, આબોહવા અને પર્યાવરણ, આર્થિક વિકાસ, કનેક્ટિવિટી, શાસન અને ક્ષમતા નિર્માણને આવરી લેતા છ સ્તંભો પર આધારિત છે. આર્કટિક અને ઇન્ડો-પેસિફિક પ્રદેશો વચ્ચે વધતા આંતર-સંબંધોને જોતાં, ભારત આર્ક્ટિક સાથે, ખાસ કરીને ધ્રુવીય સંશોધન, આબોહવા અને પર્યાવરણીય મુદ્દાઓના ક્ષેત્રોમાં સહયોગમાં વધારો કરી રહ્યું છે. રાજ્યમંત્રી એસીએ બેઠકોમાં આર્કટિકના વિવિધ પાસાઓ પર ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કરશે.

4. રેક્યાવિકમાં રોકાણ દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી આઇસલેન્ડના વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય ચર્ચા પણ કરશે. ભારત અને આઇસલેન્ડ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મૈત્રીપૂર્ણ છે અને નોંધપાત્ર રીતે વિસ્તર્યા છે, જે તાજેતરના સીમાચિહ્નરૂપ ભારત-ઈએફટીએ ટીઇપીએ, નિયમિત ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી સંવાદો અને ભૂ-ઉષ્મીય, મત્સ્યઉદ્યોગ અને સ્વચ્છ ઊર્જામાં ભાગીદારી દ્વારા પ્રેરિત છે.

નવી દિલ્લી

07 ઑક્ટોબર, 2026